Government of Gujarat

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર સંચાલિત

# જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર

રૂમ નં.૧ ગ્રાઉન્ડ ફ્લોર, સી.બી. ભંડારી સ્કૂલ, વી.આર. મોલની સામે, મગદલ્લા,
સુરત ૩૯૪૫૧૮

Email : seniorcoach.surat@gmail.com

SPORTS AUTHORITY OF GUJARAT

ક્રમાંક/ડી.એસ.સી.સી/૪૧૫૩૨/૪૫૯/૨૦૨૨-૨૩ તારીખ : ૨૯/૦૭/૨૦૨૨-૨૩

પ્રતિ

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓ તમામ,

સુરત ગ્રામ્ય

**વિષય : જવાહરલાલ નેહરુ હોકી ટુર્નામેન્ટ-૨૦૨૨ અંતર્ગત સુરત ગ્રામ્યની સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ : ક્રમાંક:એસ.એ.જી./એસ.જી.એફ.આઈ/૨૦૨૨-૨૩/તા.૨૭/૦૭/૨૦૨૨ મુજબ.**

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ચાલુ વર્ષે જવાહરલાલ નેહરુ હોકી ટુર્નામેન્ટ યોજાનાર છે. જે અંતર્ગત સુરત ગ્રામ્ય હોકી રમતની સ્પર્ધાનું આયોજન કરવાનું હોય. આ સ્પર્ધાનો સ્થળ,સમય અને વય જૂથની માહિતી નીચે મુજબ જણાવેલ છે. ઉપરોક્ત સ્પર્ધામાં વિજેતા ટીમ ને તા.૦૫/૦૮/૨૦૨૨ થી ૦૮/૦૮/૨૦૨૨ અં-૧૭ ભાઈઓ અને અં-૧૫ ભાઈઓ અને તા.૧૧/૦૮/૨૦૨૨ થી ૧૪/૦૮/૨૦૨૨ દરમ્યાન અં-૧૭ બહેનોએ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં જવાનું રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે શાળાઓએ ફરજીયાત પોતાની શાળાની એલીજીબીલીટી ફોર્મ ભરી આચાર્યશ્રીનાં સહી-સિક્કા સાથે અત્રેની કચેરી **(જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત, રૂમ નં-૧, સી.બી. ભંડારી સરસ્વતી સ્કુલ, મગદલ્લા, સુરત)** ખાતે **તા.૩૦-૦૭-૨૦૨૨નાં સાંજે ૦૫:૦૦ કલાક** સુધીમાં જમા કરાવવાની રહેશે. સ્પર્ધા માટે **શ્રી પાટીલ સરનો** સંપર્ક કરવા વિનંતી. **મો.નં. (૮૭૩૩૦ ૩૪૩૨૦)**

| ક્રમ | વય જૂથ | સ્પર્ધા તારીખ | સમય | સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદા | સ્પર્ધાનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | અં-૧૫ ભાઈઓ | તા.૦૨-૦૮-૨૦૨૨ | સવારે ૦૭:૦૦ કલાકે | તા.૦૧-૦૧-૨૦૦૭ પછી જન્મેલા | સૅંસરીટી ઈંગલીશ મીડીયમ સ્કુલ, બારડોલી, સુરત |
| ૨ | અં-૧૭ બહેનો | તા.૦૨-૦૮-૨૦૨૨ | સવારે ૦૭:૦૦ કલાકે | તા.૦૧-૦૧-૨૦૦૫ પછી જન્મેલા | |
| 3 | અં-૧૭ ભાઈઓ | તા.૦૨-૦૮-૨૦૨૨ | સવારે ૦૭:૦૦ કલાકે | તા.૦૧-૦૧-૨૦૦૫ પછી જન્મેલા | |

Scanned with CamScanner

અગત્યની સૂચનાઓ :

૧) આ સ્પર્ધામાં ફક્ત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. જેમાં એક જ શાળાના વિદ્યાર્થીની ટીમનું પ્રવેશપત્ર મોકલવાનું રહેશે. વિજેતા થનાર આખી ટીમ રાજ્યકક્ષાએ ભાગ લેવા મોકલવામાં આવશે.

૨) સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડીઓના નામ, જન્મ તારીખ અને જી.આર.નં. શાળાના લેટર પેડ પર આચાર્યશ્રીના સહી સિક્કા કરી તેની યાદી લઇને આવાની રહેશે.

૩) સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડીઓએ આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે લાવાની રહેશે તથા શાળાનો આઈ કાર્ડ સાથે રાખવાનો રહેશે.

વધુ માહિતી માટે (શાહનવાઝ શેખ)નો સંપર્ક કરવો
મો.નં -(૮૧૪૧૨ ૨૨૫૦૨)

**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,**
**સુરત.**

<u>નકલ સવિનય રવાના :-</u>

૧) કલેકટરશ્રી સુરત.
૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત
૪) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, સુરત-ગ્રામ્ય
૫) પ્રમુખ/મંત્રીશ્રી, વ્યાયમ શિક્ષકસંઘ સુરત-ગ્રામ્ય
૬) પ્રમુખ/મંત્રીશ્રી, સુરત જીલ્લા હોકી એસોસીએશન, સુરત

Scanned with CamScanner